Steno
① on file
② one copy to Dist & L&L officer
1815

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે જરૂરિયાતની જમીન મેગા કંપનીને ફાળવવામાં આવે ત્યારે જંત્રી મુજબની કિંમત વસુલવા બાબત

**ગુજરાત સરકાર**

મહેસૂલ વિભાગ

ઠરાવ ક્રમાંક:- જમન/૧૦૧૬/૮૪૨/અ.૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ: ૧૭/૦૫/૨૦૧૭

**<u>સંદર્ભ-:</u>**

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, મેટ્રો લીંક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (MEGA-મેગા) કંપની લીમીટેડનો તા.૦૨/૦૯/૨૦૧૬નો પત્ર નં.મેગા/સીએઓ/લેન્ડ/૨૦૧૬

(૨) માન. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના અમલીકરણ માટે રચાયેલી હાઇ-પાવર કમિટીની તા.૦૮/૧૦/૨૦૧૪ની બેઠકની કાર્યવાહી નોંધ.

(૩) માન. મુખ્યસચિવશ્રીની અધ્યક્ષતામાં અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના અમલીકરણ માટે રચાયેલી હાઇ-પાવર કમિટીની તા.૦૫/૦૪/૨૦૧૬ની બેઠકની કાર્યવાહી નોંધ.

<u>આમુખ:-</u>

મેનેજીંગ ડીરેકટરશ્રી, મેટ્રો લીંક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (MEGA-મેગા) કંપની લીમીટેડ દ્વારા સંદર્ભ-(૧) થી નીચે મુજબની દરખાસ્ત કરવામાં આવેલ.

૧. મેગા તરફથી ડીપો અને સ્ટેશન તેમજ આનુષંગિક કામો માટે માંગવામાં આવેલ જરૂરિયાતની જમીન જંત્રી ભાવ વસુલી મેગા કંપનીને આપવા બાબત.

૨.પાર્કિંગ, પુનર્વસન / પુન: સ્થાપન અને વિવિધ લોકસુવિધાઓ માટેની જમીન રૂ.૧/- ના ટોકન ભાવે મેગાને આપવા બાબત

ઠરાવ:-

કાળજીપૂર્વકની વિચારણાના અંતે મેગા કંપનીને ફાળવવામાં આવતી જમીનો બાબતે નીચેની મુજબની જોગવાઇ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) મેગા તરફથી ડીપો અને સ્ટેશન તેમજ આનુષંગિક કામો માટે માંગવામાં આવેલ જરૂરિયાતની જમીન જંત્રી ભાવે મેગાને આપવાની રહેશે અને તે રાજ્ય સરકારના સબ-ઓર્ડિનેટ ડેબ્ટના ફાળા તરીકે મેગાને અપાય તેવી વ્યવસ્થાની ગોઠવણી કરવાની રહેશે.

(૨) પાર્કિંગ, પુનર્વસન / પુન: સ્થાપન અને વિવિધ લોકસુવિધાઓ માટેની જમીન રૂ.૧/- ના ટોકન ભાવે મેગાને આપવાની રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૨/૦૨/૨૦૧૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( પ્રેરક જે. પટેલ )
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ

પ્રતિ,
કલેકટર-અમદાવાદ
જિલ્લો:- અમદાવાદ (By RPAD)

**નકલ રવાના-**

(૧) ડીસ્ટ્રીકટ ઇન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડ, અમદાવાદ
(૨) એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ
(૩) નાણા શાખા મહેસૂલ વિભાગ સચિવાલય ગાંધીનગર
(૪) નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેકટ ફાઇલ
(૫) શાખા સિલેકટ ફાઇલ